જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૩/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૯૨/૨૦૨૦**

## ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન** :

**મોબાઈલ ફોનની ચીલઝડપના બે આરોપીઓને ચોરીના મોબાઈલ ફોન નંગ ૧ તથા ચોરીના એકટીવા સાથે પકડી નારોલ પોલીસ સ્ટેશનના ચીલઝડપનો તથા વાહન ચોરીનો એમ કુલ્લે બે ગુનાનો ભેદ ઉકેલતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર એસ.એ.ગોહીલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ.શ્રી જે.એસ.ચૌધરી તથા મસઈ અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ બ.નં.૯૯૩૪ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન નારોલ લાંભા ટી પાસે આવતાં સાથેના પો.કો.કાનાભાઈ સુરાભાઈ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા નાઓને સયુંકત બાતમી હકીક્ત મળેલ કે "બે ઇસમો ખુશાલ તથા અંકીત નામના ઈસમો કાળા કલરની નંબરપ્લેટ વગરની એક્સેસ ગાડીમાં તેઓના કબ્જામાં કેટલાક મોબાઇલ ફોન લઇ ચોરી કરી કે છળકપટથી મેળવી લઈ નારોલ સર્કલ તરફથી ચલાવી લાવી અત્રેથી અસલાલી તરફ જવાના છે "જે બાતમી હકિકત આધારે આરોપી ખુશાલ મધુકરભાઈ જાતે ભોસલે ઉ.વ.૨૦ ધંધો.મજુરીકામ રહે.એ/૬ સરકારી સર્વન્ટ કોલોની ન્યુ મેન્ટલ હોસ્પિટલની પાછળ મીના બઝાર ચાર રસ્તા પાસે સિવિલ હોસ્પિટલ મેઘાણીનગર અમદાવાદ હાલ રહે-મ.નં.બી/૨૦૬

સ્વામિનારાયાણ પાર્ક-૬ લાંભા વટવા કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓ બંનેને પકડી સઘન પુછપરછ કરતાં નારોલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૧૩૮/૨૦૨૦ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) ૧૧૪ મુજબ તથા નારોલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૨૩૮/૧૯ ધી ઈપીકો કલમ ૩૭૯ ૧૧૪ મુજબના ગુનાની કબુલાત કરતાં આરોપી ખુશાલ મધુકરભાઈ જાતે ભોસલે ઉ.વ.૨૦ ધંધો.મજુરીકામ રહે.એ/૬ સરકારી સર્વન્ટ કોલોની ન્યુ મેન્ટલ હોસ્પિટલની પાછળ મીના બઝાર ચાર રસ્તા પાસે સિવિલ હોસ્પિટલ મેઘાણીનગર અમદાવાદ હાલ રહે-મ.નં.બી/૨૦૬ સ્વામિનારાયાણ પાર્ક-૬ લાંભા વટવા કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેરનાને તા.૦૯/૦૩/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાને પ્રમુખશ્રી જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ ખાનપુર નાઓ સમક્ષ રજુ કરવાની તજવીજ કરવામાં આવેલ છે. આમ, નારોલ પો.સ્ટે.ના મોબાઈલ ચોરીના તથા વાહન ચોરીના કુલ્લે - ૨ ગુનાઓનો ભેદ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



**આનંદનગર પોલીસ સ્ટેશન** :

## વ્હિકલ ચોરીના તથા મોબાઇલ સ્નેચીંગ ના ગુનાનો ભેદ ઉકેલી આરોપી તથા મુદ્દામાલ શોધી કાયદેસર કાર્યવાહી કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા મિલ્કત સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના **પ્રો.પો.સ.ઇ કે.બી.મીર** સાથેના સ્ટાફના હે.કો. વિજયદાન મોજદાન બ.નં.૫૨૫૨ તથા હે.કો. શૈલેષકુમાર મોહનભાઇ બ.નં.૪૫૫૯ તથા હે.કો. હીતેષભાઇ જગજીવનભાઇ બ.નં.૫૫૭૮ તથા પો.કો. હરપાલસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૯૪૨ તથા પો.કો. મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૮૨૮૭ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ બ.નં.૧૦૨૬૦ તથા પો.કો કિશોરસિંહ અનોપસિંહ બ.નં.૮૨૪૬ તથા પો.કો.વિજયકુમાર મગનભાઇ બ.નં.૩૯૭૬ તથા પો.કો.કલ્પેશકુમાર કાનજીભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ ધીરૂભાઇ બ.નં.૧૦૬૫ વિગેરે સ્ટાફના માણસો આનંદનગર પોલીસ સ્ટેશન .ગુ.ર.નં.પાર્ટ-A-11191001200080/2020 ધી ઇપીકો કલમ-૩૭૯(એ)૩ મુજબના ના ગુનાના કામે ચોર મુદ્દામાલની તપાસમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન **હે.કો. શૈલેષભાઇ મોહનભાઇ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ** નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે નીચે જણાવેલ આરોપી પાસેથી નીચે જણાવેલ મુદ્દામાલ કબ્જે કરી **મોબાઇલ સ્નેચીંગ તથા વ્હિકલ ચોરી** ના ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**આરોપીઓનુ નામ સરનામુ:**

(૧) ચીરાગઅલી મો.હનીફભાઇ શેખ ઉવ.૨૭ રહે- સૈયદવાડા ખાનપુર દરવાજા પાસે ખાનપુર

**ડીટેક્ટ થયેલ ગુના અને મુદ્દામાલની માહીતી:-**

(૧) આનંદનગર પો.સ્ટે ગુ.ર.નં.૧૨૪/૨૦૧૯ ધી ઇપીકો કલમ- ૩૭૯(એ)૩ મુજબ
રીકવર મુદ્દામાલ- એપલ કંપનીનો આઇફોન કિં.રૂ.૧૫,૦૦૦/- ની મત્તા.

(૨) આનંદનગર પો.સ્ટે ગુ.ર.નં.પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૧૨૦૦૦૮૦/૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯(એ)૩ મુજબ રીકવર મુદ્દામાલ - ઓપો કંપનીનો મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- તથા રોકડા રૂ.૨૦૦૦/- તથા લેડીઝ પર્સ કિં.રૂ.૦૦/-

(૩) એલીસબ્રીજ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૪૨૦૦૦૯૭/૨૦ ધી ઇપીકો કલમ-૩૭૯ મુજબ
રીકવર મુદ્દામાલ - હોન્ડા એક્ટિવા નં.જીજે-૦૧-એલ.ડબલ્યુ-૫૧૦૦ કિં.રૂ.૨૫,૦૦૦/-

(૪) એલીસબ્રીજ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૪૨૦૦૦૯૮/૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯ મુજબ
રીકવર મુદ્દામાલ - હીરો હોન્ડા પેશન પ્રો મો.સા નં.જીજે-૦૧-એન.આઇ-૨૨૩૪ કિં.રૂ.૨૦,૦૦૦/-

(૫) એલીસબ્રીજ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૪૨૦૦૦૯૯/૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯ મુજબ
રીકવર મુદ્દામાલ- બજાજ ડીસ્કવર મો.સા નં. જીજે-૦૧-એમ.આર-૯૬૫૩ કિં.રૂ.૧૫,૦૦૦/-

# રીક્ષા ચોરીના આરોપી તથા મુદ્દામાલ શોધી કાયદેસર કાર્યવાહી કરતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ પો.સ્ટે વિસ્તારમા મિલ્કત સંબંધીત ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધવા સારૂ આપેલ સુચના તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના **પ્રો.પો.સ.ઇ કે.બી.મીર** સાથેના સ્ટાફના હે.કો. વિજયદાન મોજદાન બ.નં.૫૨૫૨ તથા હે.કો. શૈલેષકુમાર મોહનભાઇ બ.નં.૪૫૫૯ તથા હે.કો. હીતેષભાઇ જગજીવનભાઇ બ.નં.૫૫૭૮ તથા પો.કો.હરપાલસિંહ પ્રભાતસિંહ બ.નં.૫૯૪૨ તથા પો.કો. મહેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૮૨૮૭ તથા પો.કો ગભરૂભાઇ ધાનાભાઇ બ.નં.૧૦૨૬૦ તથા પો.કો કિશોરસિંહ અનોપસિંહ બ.નં.૮૨૪૬ તથા પો.કો.વિજયકુમાર મગનભાઇ બ.નં.૩૯૭૬ તથા પો.કો.કલ્પેશકુમાર કાનજીભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ ધીરૂભાઇ બ.નં.૧૦૬૫ તથા લોકરક્ષક રાજેશભાઇ અરશીભાઇ બ.નં.૭૧૧૦ વિગેરે સ્ટાફના માણસો આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન **પ્રો.પો.સ.ઇ કે.બી.મીર તથા લોકરક્ષક રાજેશભાઇ અરશીભાઇ બ.નં.૭૧૧૦** નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે નીચે જણાવેલ આરોપી પાસેથી નીચે જણાવેલ મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી કલમ-૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરી **રીક્ષા ચોરી** ના ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**આરોપીઓનુ નામ સરનામુ:**

(૧) હારૂન અબ્દુલગની શેખ ઉવ.૩૦ રહેવાસી- ફતેવાડી મસ્તાન મસ્જીદ પાસે ઉર્વાન પાર્ક સોસાયટી મ.નં.૪ સરખેજ અમદાવાદ શહેર

**ડીટેક્ટ થયેલ ગુના અને મુદ્દામાલની માહીતી:-**

(૧) વેજલપુર પો.સ્ટે ગુ.ર.નં.૫૦/૨૦૨૦ ધી ઇપીકો કલમ- ૩૭૯ મુજબ

રીકવર મુદ્દામાલ- ઓટો રીક્ષા જેનો એં.નં.24YWKG65716 કિં.રૂ.૧,૦૦,૦૦૦/-

# લુંટ ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઘાટલોડીયા પોલીસ સ્ટેશન** :

## અમદાવાદ શહેરમાં મોબાઇલની લુંટ કરતા આરોપીઓને લુંટના મોબાઇલ સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી “ક” વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા હોળીના તહેવારના નિમિતે સર્વેલન્સ અ.હે.કોન્સ અમિતકુમાર ગણેશભાઇ બ.નં-૪૫૯૬ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અનાર્મ પો.કો લાલાભાઇ ભીખાભાઇ બ.નં-૩૩૨૦ તથા અનાર્મ લોકરક્ષક સાગરભાઇ નારણભાઇ બ.નં-૭૦૯૪ અને અનાર્મ પો.કો. વિપુલભાઇ બીજલભાઇ બ.નં-૧૦૨૭૮ નાઓના ખાનગી બાતમીદારની બાતમી આધારે આરોપીઓ (૧) મિત સ/ઓ દેવસુખભાઇ ચાવડા ઉ.વ-૨૧ ધંધો-અભ્યાસ રહે-૨૨-એ,બ્રમસત્ય સોસાયટી,અર્જુન આશ્રમ રોડ શનિદેવના મંદિરની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર (૨) સાગર સ/ઓ મનુભાઇ મેવાડા ઉ.વ-૨૧ ધંધો-અભ્યાસ રહે-૨૯,સત્યપ્રકાશ સોસાયટી, અર્જુન આશ્રમ રોડ શનિદેવના મંદિરની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર નાઓને લુંટના મોબાઇલ ફોન શાઓમી કંપનીનો પોકો એફ-૧ મોડલનો મોબાઇલ ફોન છે જેનો IMEI NO-**866021043021830** તથા **866021043021848** નો છે જે મોબાઇલ ફોનની કિ.રૂ-૧૦,૦૦૦/- ગણી શકાય તથા એક એકટીવા જોતા હોન્ડા કંપનીનું ગ્રે કલરનું એકટીવા છે જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર GJ-01 SG-6368 નાનો લખેલ છે જેનો એ.નં-JF50E-7-0624952 તથા ચે.નં-ME4JF501CE7625857 નાનો લખેલ છે જેની કિંમત રૂ.૧૦,૦૦૦/- ગણી શકાય જે સાથે પકડી પાડેલ અને સદર બાબતે તપાસ કરતા સદરી ઇસમો પાસેથી કબ્જે લીધેલ મોબાઇલ ફોન બાબતે સોલા પોલીસ સ્ટેશન ખાતે A-પાર્ટ-૧૧૧૯૧૦૪૫૨૦૦/૨૦૨૦ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબનો મોબાઇલ લુંટનો ગુનો દાખલ થયેલ હોય અને ગુનામાં આરોપીઓએ સદરી એકટીવા વાપરેલ હોય જેથી સદરી ઇસમોને લુંટના મોબાઇલ તથા ગુનામાં વાપરેલ એકટીવા સાથે પકડી પાડી સદર મોબાઇલફોન તથા એકટીવા કબ્જે કરી આરોપીઓને તા-૦૯/૦૩/૨૦૨૦ ના કલાક ૨૨/૨૫ વાગે સી.આર.પી.સી ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**ખોખરા પોલીસ સ્ટેશન :**

## જાનથી મારી નાખવાના ઇરાદે ઘાતક હથીયાર વડે હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી નાસી ગયેલ આરોપીઓ ગણતરીના કલાકમા પકડી પાડતી ખોખરા પોલીસ

ગઇ તા.૦૭/૦૩/૨૦૧૯ ના રાત કલાક ૨૩/૦૦ વાગ્યાના સુમારે આ કામનાં ફરીશ્રી, શીવકુમાર કરપીલાલ જાતે લુહાર ઉ.વ.૨૧ રહે.મ.નં.૨૧ શિવનગર દેશમુખવાડી પાસે નુતન સ્કુલ સ્કુલ પાછળ અમદાવાદ શહેરનાઓને તથા અન્ય ફરીયાદીશ્રીના મિત્રોના આ કામનાં પાંચ આરોપીઓએ ભેગા મળી ઘાતક હથિયારો વડે શરીરે ગંભીર ઇજાઓ કરી, નાસી ગયેલ જે અંગે ખોખરા પો.સ્ટે.એ-પાર્ટ ૧૧૧૯૧૦૦૩૨૦૦૧૮૧-૨૦૨૦ ઇપીકો કલમ ૩૦૭,૨૯૪(ખ),૧૪૩,૧૪૭,૧૪૮, ૧૪૯ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થતાં જે ગુનાના કામે ગુનો કર્યા બાદ આરોપીઓ નાસી ગયેલ જે આરોપીઓ પકડી પાડવા સારૂ નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ‘આઈ’ ડીવીઝન, અમદાવાદ શહેર નાઓએ સદરી ગુનાનાં આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા સુચના આપેલ હોય, જે અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી. બી.જે.ઝાલા ખોખરા પોલીસ સ્ટેશનનાઓના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.શ્રી.આર.એન.ચુડાસમા તથા સર્વેલન્સ સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી શોધી કાઢવા સારૂ સુચનાઓ આપેલ જે આધારે આ ગુનો આચરનાર આરોપીઓને સર્વેલન્સ સ્ક્વોડના ફરજ બજાવતા પો.કો.વિજયકુમાર અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપીઓ નં.(૧)યોગેશ ઉર્ફે સન્ની સા/ઓ અશોકભાઇ હીરાભાઇ કોષ્ટી ઉ.વ.૨૩ રહે.મ.નં.બી/૨૦ રાધાકિશન નગર વિભાગ-૧ ખોખરા અમદાવાદ શહેર તથા નં.(૨)રોહીત અશોકભાઇ કોષ્ટી ઉ.વ.૨૦ રહે.સદર નં.(૩)અશોકભાઇ હીરાલાલ કોષ્ટી ઉ.વ.૪૮ રહે.સદર તથા નં.(૪)કરમવીરસિંહ ઉર્ફે ભુરીયો નેકરામસિંહ ભદોરીયા ઉ.વ.૨૨ રહે.મ.નં.એફ-૫૦૧ શાશ્વત મહાદેવ વિભાગ-૧ વસ્ત્રાલ અમદાવાદ શહેરનાઓને તા.૦૮/૦૩/૨૦૨૦ ના કલાક ૨૨/૧૫ વાગ્યે પકડી અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશન** :

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન જુગાર નો ગણનાપાત્ર કેસ શોધી કાઢી આરોપીઓને પકડતી નરોડા પોલીસ.

અમદાવાદ શહેરમાં ચાલતી પ્રોહિબિશન તેમજ જુગારની પ્રવૃતિ ને નેસ્તનાબૂદ કરવા સારું પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન કરેલ હોઈ, જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકર જે.જી.પટેલ નાંઓની સૂચના મુજબ નરોડા પોલીસ સ્ટેશનના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમી આધારે નાના ચિલોડા ગામની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં અમુક ઈસમો ગંજીપતાના પાના વડે પૈસાથી તીનપત્તીનો હારજીત નો જુગાર રમી રમાડે છે જેથી સદરી જગ્યાએ જઈ રેડ કરી આરોપીઓને પકડી પાડી કુલ્લે રૂપિયા ૩,૨૮,૦૮૦ /- ના મુદ્દામાલ સાથે ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી:** PSI એસ.એમ.ઠાકોર , LR દેવેન્દ્રસિંહ ભીખુભા , LR લાલાભાઇ રચાભાઈ, L R નારણભાઈ રાણસીભાઈ, L R પ્રકાશભાઈ ધનજીભાઈ

**આરોપીઓ:-**

(૧) નિર્મળસિંહ સ/ઓ નટુભાઈ ખેર

(૨)પ્રહલાદભાઇ સ/ઓ ઇશ્વરભાઈ સોલંકી (૩) સંજયભાઈ સ/ઓ અર્જુનભાઈ દુરિયા (૪) સંતોષ સ/ઓ માણેકલાલ પાટિલ (૫) બાબુભાઈ સ/ઓ ખેતસિંહ સોલંકી (૬) રણજીત સ/ઓ ભજીભાઈ ચૌહાણ (૭) શૈલેશ સ/ઓ ભલાજી ઠાકોર (૮) વિક્રમ સ/ઓ અમુતલાલ ડાભાણી (૯) રમેશભાઈ સ/ઓ રામદાસ ચૌવરે (૧૦) અનિલ સ/ઑ અર્જુનભાઈ સોલંકી (૧૧) સુરેશભાઈ સ/ઓ નારણભાઈ પ્રજાપતિ

**મુદ્દામાલ**

* દાવના નાણા તથા અંગજડતી રોકડ નાણાં-૮૩,૦૮૦ - મોબાઇલ નંગ- ૧૦
કિંમત-૫૮૦૦૦ - વ્હીકલ-૧૮૭૦૦૦ - કુલ-૩,૨૮,૦૮૦

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશન** :

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન પ્રોહીબીશન નો ગણનાપાત્ર કેસ શોધી કાઢી આરોપીઓને પકડતી નરોડા પોલીસ.

અમદાવાદ શહેરમાં ચાલતી પ્રોહિબિશન તેમજ જુગારની પ્રવૃતિ ને નેસ્તનાબૂદ કરવા સારું પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન કરેલ હોઈ, જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકર જે.જી.પટેલ નાંઓની સૂચના મુજબ નરોડા પોલીસ સ્ટેશનના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી બાતમી આધારે નાના ચિલોડા રણાસણ રિંગરોડ સર્કલ જાહેર રોડ પર દેશીદારુ લઈ જતા હોય જેથી સદરી જગ્યાએ જઈ આરોપીઓને પકડી પાડી પ્રોહીબીશનની કલમ ૬૬(૧) બી ,૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી** : PSI એસ.એમ.ઠાકોર , LR પ્રકાશભાઈ ધનજીભાઈ તથા LR લાલાભાઇ રયાભાઈ થા LR.નારણભાઈ રાણસીભાઈ,LR દેવેન્દ્રસિંહ ભીખુભા *

**આરોપીઓ:-**

(૧) શૈલેષભાઈ સ/ઓ નાનુભાઈ દરબાર

(૨)જશોદાબેન વા/ઓ અશોકભાઇ પરમાર (૩) આરતિબેન વા/ઓ પ્રકાશભાઈ

**મુદ્દામાલ**

*- જથ્થો- ૧૦૫ લિટર દેશી દારૂ કિંમત-૨૧૦૦

*- ઓટો રિક્ષા કિંમત-૬૦,૦૦૦.

# “SHE TEAM” ની કામગીરીની વિગત

<table>
<tr><td>શહેર કોટડા પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા પો.સ્ટે. વિસ્તારના ગરીબ બાળકો ને પિચકારી તથા નાસ્તનુ વિતરણ કરવામાં આવ્યું.</td><td></td></tr>
<tr><td></td><td></td></tr>
</table>

# <u>પાસા ના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નારોલ પોલીસ સ્ટેશન</u>** :

## <u>લિસ્ટેડ બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરવા બાબત</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૦૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન સા. અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુતિ આચરતા લિસ્ટેડ બુટલેગર મિલ્કાબેન ઉર્ફે ઢબુબેન વા/ઓફ વિનુભાઇ જાતે ક્રિશ્ચીયન ઉ.વ ૫૮ રહે ઇન્દીરાનગર રાણીપુરગામ કોઝી હોટલની સામેના ખાંચામા નારોલ અમદાવાદ શહેર ની વિરૂધ્ધ દાખલ થયેલ પ્રોહી.ગુનામા નારોલ પો.સ્ટે.થી પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નર સા.ને મોકલી આપતા **<u>પીસીબી/ડીટીએન/પાસા/૨૫૯/૨૦૧૯ તા.૨૪/૦૬/૨૦૧૯</u>** થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપીને આજ-રોજ તારીખ. **<u>૦૯/૦૩/૨૦૨૦</u>** ના કલાક ૧૮/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**<u>ગુના નિવારણ શાખા :</u>**

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૯.૦૩.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીની ફેકટરીમા ગેરકાયદેસર પ્રવેશી ફેકટરીમા પડેલ લોખંડના રાઉન્ડ તથા ચોરસ પોલીશ બાર પાટા ની ચોરી કરનાર તથા ફરમા ની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો નામે (૧) વિજય અમરાજી જેસંગજી ઠાકોર રહેવાસી-નિતીનભાઈના બોર ઉપર અશોકવાડી મકાઈમીલની બાજુમા કઠવાડા તા.-દ્રસકોઈ જિ.અમદાવાદ મુળવતન- ગામ-કુહા ગોપાલપુરા તા-દ્રસ્કોઈ જિ.અમદાવાદ (૨) રોહિત જીવાજી ચોથાજી ઠાકોર રહેવાસી- ગામ- આનંદપુર તા-સાણંદ જિ.અમદાવાદ મુળ વતન- ગામ પીપળીયા તા-કઠલાલ જિ.અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત તથા વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | (૧) વિજય અમરાજી જેસંગજી ઠાકોર રહેવાસી-નિતીનભાઈના બોર ઉપર અશોકવાડી મકાઈમીલની બાજુમા ક્ઠવાડા તા.-દ્રસકોઈ જિ.અમદાવાદ મુળવતન- ગામ-કુહા ગોપાલપુરા તા-દ્રસ્કોઈ જિ.અમદાવાદ |
|  | (૨) રોહિત જીવાજી ચોથાજી ઠાકોર રહેવાસી- ગામ- આનંદપુર તા-સાણંદ જિ.અમદાવાદ મુળ વતન- ગામ પીપળીયા તા-ક્ઠલાલ જિ.અમદાવાદ |

- આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય **૧** ઇસમ મળી **કુલ્લે ૩ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.